**ગ્રામ્ય વિસ્તારના જમીન વિહોણા મજૂરો અને ગ્રામ્ય કારીગરોને રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજના અને મકાન સહાયની યોજના- સરદાર પટેલ આવાસ યોજનાને સંબંધિત સંકલિત ઠરાવમાં સુધારો કરવા બાબત**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ **અવસ/૧૦૨૦૧૫/૧૦૫૨/લ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૬/૦૮/૨૦૧૬

વંચાણે લીધા -

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા:૧૧/૦૯/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ અવસ/૧૦૨૦૧૫/૧૦૫૨/લ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૧/૧૯૯૯ના પરિપત્ર ક્રમાંકઃ એસ.સી.ડબલ્યું/૧૦૯૦/૧૪૬૯/હ

## સુધારા ઠરાવ

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જમીન વિહોણા ખેત મજૂરોને અને ગ્રામ્ય કારીગરોને ૧૦૦ ચો.વાર સુધીની ઘરથાળની જમીન રહેણાંકના હેતુ માટે આપવા તેમજ મકાન સહાયની યોજના- સરદાર પટેલ આવાસ યોજાના અંગેનો ઠરાવ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણ(૧) પરના તા.૧૧/૦૯/૨૦૧૫ના ઠરાવથી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજનાના લાભાર્થીઓ પૈકી કેટલાક લાભાર્થીઓ અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જન જાતિ વર્ગ/સમૂહમાંથી યોજના મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પણ હોય છે. આવા લાભાર્થીઓના સંદર્ભમાં ઉપરોક્ત વંચાણ (૧)થી કરવામાં આવેલ તા.૧૧/૦૯/૨૦૧૧ના ઠરાવમાં કેટલીક જગ્યાએ "હરિજન" તેમજ "આદિવાસી" શબ્દોનો ઉલ્લેખ થયેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપરોક્ત વંચાણ (૨) પરના તા.૧૨/૦૧/૧૯૯૯ના પરિપત્રથી અનુસૂચિત જાતિના લોકો માટે "હરિજન" તથા અનુસૂચિત જન જાતિના લોકો માટે "ગિરિજન" જેવા શબ્દોનો ઉપયોગ નહીં કરતાં, "હરિજન" શબ્દ પ્રયોગને બદલે "અનુસૂચિત જાતિ" તેમજ "ગિરિજન" શબ્દ પ્રયોગને બદલે "અનુસૂચિત જન જાતિ" શબ્દ પ્રયોગ કરવાની સુચનાઓ પરિપત્રિત થયેલ છે. તેમજ અરજદાર તરફથી પણ આવા શબ્દોનો સુધારો કરવા રજુઆત પણ થયેલ છે.

વિભાગ દ્વારા વંચાણ (૧) પરના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ યોજનાના ઠરાવમાં કેટલીક જગ્યાએ "હરિજન" તેમજ "આદિવાસી" શબ્દોનો ઉલ્લેખ થયેલ છે. પરંતુ "ગિરિજન" એવો શબ્દ પ્રયોગ થયેલ નથી, તેમછતાં, વંચાણ ક્રમ(૨) પરના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પરિપત્રિત સુચનાઓ જોતાં, સદર ઠરાવમાં યોગ્ય સુધારો કરવો આવશ્યક જણાતાં, જરૂરી સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

વંચાણ ક્રમ (૧) પરના ઠરાવમાં જ્યાં જયાં "હરિજન" શબ્દનો ઉલ્લેખ થયેલો છે તેને બદલે "અનુસૂચિત જાતિ" તેમજ "આદિવાસી" શબ્દનો ઉલ્લેખ થયેલો છે તેને બદલે "અનુસૂચિત જન જાતિ" એમ સુધારીને વાંચવું.

વંચાણ (૧) પરના ઠરાવની બાકીની અન્ય તમામ બાબતો/શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. છાકછુવાક)

નાયબ સચિવ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી, પંચાયતના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયતનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ